ઉલટી ગંગા : સાબરકાંઠા, અરવલ્લીમાં અનેક ખાનગી શાળાઓના શટર પડવાની સંભાવના

કોરોનાથી અસંખ્ય વાલીઓ પાયમાલ, સરકારી શાળાનો વિકલ્પ પસંદ કર્યો, પ્રવેશ માટે ધસારો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

એક સમય હતો કે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની સરકારી શાળાઓમાં શિક્ષણ કથળતાં એક પછી એક અસંખ્ય નવી ખાનગી શાળાઓનો ઉદય થયો અનેક સંચાલકોએ ગ્રાસરૂટ ઉપર સારૂ કામ કરી પોતાની ખાનગી શાળાઓને નામના અપાવી. જેના કારણે વાલીઓ ખાનગી શાળાઓ પ્રત્યે આકર્ષાયા અને સરકારી શાળાઓ ખાલીખમ થવા છતાં અનેક શિક્ષકો વધમાં પડ્યા પરંતુ કહેવત છે ખરાબ સમય લાંબો ટકતો નથી. કોરોનાના કારણે અસંખ્ય વાલીઓ પાયમાલ થયા છે. માત્ર આર.ટી.ઈ. એક્ટ હેઠળ જેમને પ્રવેશ મળ્યો છે તેવા વાલીઓ પોતાના સંતાનને ખાનગી શાળામાં અભ્યાસ કરાવશે પરંતુ જિલ્લાના અનેક વિસ્તારોમાં સરકારી શાળાઓમાં શિક્ષિત વાલીઓએ પણ પોતાના સંતાનના પ્રવેશ માટે પ્રયત્ન કરતાં લાગે છે કે સરકારી શાળાઓના અચ્છે દિનની શરૂઆત થઈ છે.

બૃહદ સાબરકાંઠા જિલ્લો શિક્ષણનું હબ ગણાય છે ગુજરાતનો કોઈ ખૂણો એવો નહીં હોય કે જ્યાં જિલ્લાના શિક્ષક ફરજ બજાવતા ન હોય. અગાઉના વર્ષોમાં પી.ટી.સી.ની ડિગ્રી મેળવો અને તૂરંત નોકરી મળી જતી હતી પરંતુ હવે દોઢ દાયકાથી સમય બદલાયો છે. શિક્ષક બનવા માટે ટાટ અને ટેટ પરીક્ષા પાસ કરવી ફરજીયાત બન્યા પછી હવે સરકારી શાળાઓમાં ટેલેન્ટ પ્રા. શિક્ષકોની ભરતી થઈ રહી છે. અગાઉના પ્રા.શિક્ષકો પણ શિક્ષણની ગુણવત્તા જાળવવામાં જે યોગદાન આપ્યું છે તે પણ ભૂલવું ન જોઈએ. પરંતુ ગત માર્ચ-૨૦૨૦ થી કોરોનાએ અનેક પરિવારોને બરબાદ કરી દીધા, શાળાઓમાં શિક્ષણ કાર્ય બંધ થયું, કેટલીક ખાનગી શાળાઓએ ફી ની ઉઘરાણી ચાલુ રાખી, ધંધા-રોજગાર ગુમાવ્યા પછી અનેક પરિવારો માનસિક હતાશ હતા અને ખાનગી શાળાઓની ફી ની સતત ઉઘરાણીથી હવે ન છૂટકે સરકારી પ્રા.શાળા એકમાત્ર આશરો રહેતાં જાણવા મળ્યા મુજબ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ખાનગી શાળામાં અભ્યાસ કરતા ૨૭૦૦ થી વધુ છાત્રોએ સરકારી પ્રા.શાળામાં ધો.૧ થી ૮ માં પ્રવેશ મેળવ્યો છે. લાગે છે કે અનેક ખાનગી શાળાઓનાં આવનારા વર્ષોમાં હવે શટર પડી શકે છે. અગાઉ જિલ્લામાં ઠેકઠેકાણે પી.ટી.સી. કોલેજો હતી પરંતુ પી.ટી.સી. શિક્ષકોની ભરતી બંધ થયા પછી મોટાભાગની ખાનગી પી.ટી.સી. કોલેજોને ખંભાતી તાળાં લાગી ગયાં છે. એટલે જ કહ્યું છે કે સમય..સમય બળવાન છે.

રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીની જાહેરાત

બેટ દ્વારિકા, પિરોટન-શિયાળ બેટ ટાપુને પ્રવાસનાં હોટસ્પોટ તરીકે વિકસાવાશે

ગાંધીનગર,તા.૨૫

રાજ્યના સમૃદ્ર કિનારાના બેટ દ્વારિકા, શિયાળ બેટ અને પિરોટન ટાપુઓને પર્યટન-પ્રવાસન હોટસ્પોટ તરીકે વિકસાવવા પ્રવાસન-ઈન્ફ્રાસ્ટ્રકચર તેમજ સામાજિક આર્થિક વિકાસના કામોના વિવિધ પ્રોજેકટસ રાજ્ય સરકાર હાથ ધરશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી આયલેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીની ચોથી બેઠકમાં આ ટાપુઓને ટુરિઝમ અને નેચર રિલેટેડ એક્ટિવિટીઝ, એડવેન્ચર સ્પોર્ટસ સહિતની ગતિવિધિઓથી પ્રવાસન પ્રવૃત્તિના આકર્ષણ કેન્દ્રો બનાવવાના વિવિધ નિર્ણયો લેવામાં આવ્યા હતા.

ગુજરાત ૧૬૦૦ કિ.મી. લાંબો સમુદ્ર કિનારો અને ૧૪૪થી વધુ આયલેન્ડસ-બેટ ધરાવતું દેશનું વિકાસશીલ રાજ્ય છે તે સંદર્ભમાં ભારત સરકારની આયલેન્ડ ડેવલપમેન્ટ પોલિસીને સુસંગત રાજ્યના આયલેન્ડ-ટાપુઓના વિકાસ માટે રાજ્ય સરકારે આયલેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીની રચના કરેલી છે. આ ઓથોરિટીનો હેતુ રાષ્ટ્રીય સુરક્ષાની જાળવણી સાથે ટાપુઓ પર આર્થિક-સામાજિક-સોશિયો ઈકોનોમિક અને પ્રવાસન ગતિવિધિઓને પ્રોત્સાહન આપવાનો છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં આ આયલેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીની ચોથી બેઠકે બેટ દ્વારિકામાં ૧૫, શિયાળ બેટમાં ૨૦ અને પિરોટન ટાપુના ૧૨ મળી કુલ ૪૭ પ્રોજેકટસ વિકસાવીને આ ટાપુઓને પર્યટન હોટસ્પોટ તરીકે ડેવલપ કરવાની બાબતે વિશાદ પરામર્શ-વિચારણા હાથ ધરી હતી.

મુખ્યમંત્રી ઉપરાંત આ બેઠકમાં શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, મહેસૂલ મંત્રી કૌશિક પટેલ, ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા પણ સહભાગી થયા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આયલેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીને પિરોટન, શિયાળ બેટ અને બેટ દ્વારિકાના સર્વગ્રાહી પ્રવાસન આકર્ષણ કેન્દ્ર તરીકે વિકાસ માટે ડિટેઈલ્ડ પ્લાનીંગ અને વિશ્વના આ ક્ષેત્રના તજજ્ઞોની સેવાઓ જોડવાના અગાઉની બેઠકમાં કરેલા સૂચન સંદર્ભે હાથ ધરાયેલી કાર્યવાહીની વિગતો પ્રેઝન્ટેશન દ્વારા આપવામાં આવી હતી. તદઅનુસાર, બેટ દ્વારિકામાં ઈકો ટુરિઝમ એન્ડ વોટર સ્પોર્ટસ, મરિન ઈન્ટરપ્રિટેશન સેન્ટર, બિચફ્રન્ટ ડેવલપમેન્ટ, લેઈક ફ્રન્ટ ડેવલપમેન્ટ, ડોલ્ફીન વ્યૂઈંગ સહિતના પ્રવાસન સુસંગત પ્રોજેકટ અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટ માટે રૂ. ૨૮.૯૫ કરોડના વિવિધ કામો માટે વિકાસ માસ્ટર પ્લાન તૈયાર કરવા એજન્સીની પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે અને ઓથોરિટી દ્વારા ડિટેઈલ્ડ પ્રોજેકટ રિપોર્ટ મંજૂર કરી દેવાયો છે.

શિયાળ બેટ ટાપુ ઉપર ઈકો રિસોર્ટ, ઈકો પાર્ક, ડોલ્ફીન વ્યૂઈંગ પોઈન્ટ, આર્કિયો લોજીકલ ડિસપ્લે ગેલેરી, બીચફ્રન્ટ ડેવલપમેન્ટ અને વોટર એક્ટિવિટીઝ જેવા કામો સહિતના ટુરિઝમ, ઈન્ફ્રાસ્ટ્રકચર અને સોશિયો ઈકોનોમિક પ્રોજેકટસના કુલ ૩૫.૯૫ કરોડના કામો માટે પણ વિકાસ એજન્સીની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલી છે. પિરોટન ટાપુ પર ટૂંક સમયમાં ઈકોફ્રેન્ડલી ટુરિઝમ પ્રોજેકટ હાથ ધરવામાં આવશે.

મુખ્યમંત્રીની અધ્યક્ષતાની આ બેઠકમાં અન્ય એક મહત્વપૂર્ણ નિર્ણય એવો પણ લેવામાં આવ્યો છે કે, દ્વારિકાની આઈ.ટી.આઈ.ને મરિન સ્કીલ ટ્રેનિંગ સેન્ટર તરીકે વિકસાવવામાં આવશે. આ સંદર્ભમાં બેઠકમાં જણાવવામાં આવ્યું કે, દ્વારકા, પિરોટન અને શિયાળ બેટ ટાપુઓ પર સાકાર થનારા ૪૭ જેટલા પ્રવાસન વિકાસ એડવેન્ચર્સ સ્પોર્ટસ અને નેચર એજ્યુકેશન તેમજ ફિશરીઝ સેકટરના પ્રોજેકટસને અનુરૂપ સ્કીલ્ડ મેનપાવરની જરૂરિયાત ઊભી થશે તેને આ મરિન સ્કીલ ટ્રેનિંગ સેન્ટર પૂરી કરી શકશે, એટલું જ નહિં સ્થાનિક યુવાઓને રોજગાર અવસર પણ મળશે.

એન.ડી.એ. સરકારની ૭ વર્ષની સિદ્ધિ

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઈ-ચિંતન સત્ર ઝૂમ માધ્યમથી યોજાયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં એન.ડી.એ. સરકારની ૭ વર્ષની મૌલિક અને વૈચારીક સિદ્ધિઓ ઉપર જિલ્લા ઈ-ચિંતન સત્રના નેજા હેઠળ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઝૂમ માધ્યમથી સેમિનાર યોજાઈ ગયો. વક્તા, સાંસદ, સાબરકાંઠા જિલ્લા પ્રભારી પરબતભાઈ પટેલ તેમજ જિલ્લા સંગઠનના હોદ્દેદારોએ ૭ વર્ષની શાસનની સિદ્ધિઓ ઉપર પ્રકાશ ફેંકયો હતો.

કેન્દ્રની ભાજપ સરકારે પાછલા ૭ વર્ષ દરમ્યાન રાષ્ટ્ર અને લોકહીતના અનેક કામ કર્યા છે. દેશનો સળગતો પ્રશ્ન કાશ્મીરમાંથી ૩૭૦ ની કલમ હટાવી ત્યાં આવનારા દિવસોમાં ચૂંટણી યોજાય તે પ્રકારનું વાતાવરણ ઉભું થઈ રહ્યું છે. દેશની પ્રજા કેન્દ્ર સરકારમાં નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં મૌલિક અને વૈચારીક સિદ્ધિઓથી અવગત થાય તે માટે સંગઠનને તમામ માહિતી સાથે તૈયાર કરવામાં આવી રહ્યું છે જેના ભાગરૂપે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ઈ-ચિંતન શિબિર યોજાઈ ગઈ. જેમાં ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠન ઉપાધ્યક્ષ કૌશલ્યાકુંવરબા, પ્રભારી ભરતભાઈ આર્ય, ઉત્તર ઝોન મીડીયા સેલ કન્વિનર રેખાબેન ચૌધરી, જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ જે.ડી.પટેલ, મહામંત્રી વિજયભાઈ પંડ્યા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ઝૂમ માધ્યમથી યોજાયેલી બેઠકમાં આઈ.ટી. અને સોશ્યલ મીડીયાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ સાબરકાંઠા જિલ્લા અનુસૂચિત જાતિ મોરચાના નવનિયુક્ત હોદ્દેદારો તેમજ હિંમતનગર વિધાનસભા બેઠકમાં આવતી રાયગઢ અને બેરણા જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના ચૂંટાયેલા અને સંગઠન હોદ્દેદારોની પરિચય બેઠક અલગથી યોજવામાં આવી હતી.

મહેસાણા જિલ્લામાં આર.ટી.ઈ. હેઠળ ૧,૬૦૦ બાળકોને ખાનગી શાળામાં પ્રવેશ અપાશે

મહેસાણા,તા.૨૫

શિક્ષણ એ દરેક નાગરિક અને વિધાર્થીનો અધિકાર છે અને શિક્ષણ થકી વ્યક્તિ અને રાષ્ટ્રનું સારું ઘડતર થાય છે, ત્યારે નબળા પરિવારમાંથી આવતો વિદ્યાર્થી ફીના અભાવે વિકસિત ખાનગી શાળામાં શિક્ષણનો અધિકાર ન મેળવી શકે તેવું ન બને તે માટે રાજ્યમાં સરકાર દ્વારા વધુ એક વાર આરટીઈ હેઠળ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા પરીપત્ર જાહેર કરવામાં આવ્યો છે.

સરકારના આ પરીપત્ર બાદ મહેસાણા જિલ્લા પ્રાથમિક શિક્ષણ કચેરી દ્વારા જિલ્લામાં વસતા વિદ્યાર્થીઓ માટે આરટીઈની માહિતી જાહેર કરી આરટીઈ એક્ટના સંદર્ભમાં આવતા પરિવારના વિદ્યાર્થીઓને આરટીઈ હેઠળ એડમિશન અપાવવા હેલ્પલાઈન સેન્ટર શરૂ કરાયા છે. ૨૫ જુલાઈથી ૫ જુલાઈ સુધી ઓનલાઈન ફોર્મ ભરી આરટીઈ હેઠળ ૧,૬૦૦ જેટલા વિદ્યાર્થીઓને ખાનગી શાળામાં શિક્ષણ માટે નિઃશુલ્ક પ્રવેશ અપાવવામાં આવશે.

મહેસાણા જિલ્લામાં શિક્ષણ માટે સરકારી અને ખાનગી શાળા સંકુલો આવેલા છે. જોકે, એક માનસિકતા મુજબ ખાનગી શાળાઓમાં સારું શિક્ષણ મળતું હોવાનું વાલીઓ માની રહ્યા છે અને અધધ ફી ભરીને પણ પોતાના બાળકોને ખાનગી શાળાઓમાં અભ્યાસ કરાવે છે. જોકે, આ પરિસ્થિતિ વચ્ચે આરટીઈના કાયદા હેઠળ હવે આર્થિક રીતે નબળા પરિવારના વિદ્યાર્થીઓ પણ હવે સારા શિક્ષણના અધિકાર સાથે આરટીઈ હેઠળ પ્રવેશ મેળવી ખાનગી શાળાઓમાં અભ્યાસ કરવા પ્રવેશ મેળવી રહ્યા છે. ત્યારે ચાલુ વર્ષે મહેસાણા જિલ્લામાં કુલ ૧,૬૦૦ જેટલા વિધાર્થીઓ આરટીઈ હેઠળ પ્રવેશ મેળવશે. જે માટેની પ્રક્રિયા હાથ ધરાઈ છે.

સુરતમાં ઊંચા થાંભલા પર ચઢી યુવકે હંગામો મચાવ્યો

પાંચ કલાક સુધી જોરદાર નાટક ચાલ્યું : ભીના શરીરે થાંભલા પર ચઢી જનારા યુવકને ફાયરના જવાનોએ દોરડા વડે બાંધી ભારે જહેમત બાદ નીચે ઊતાર્યો

સુરત,તા.૨૫

સુરતના ડિંડોલી વિસ્તારમાં ૨૭ વર્ષનો એક યુવક ૭૦ ફૂટ ઊંચે આવેલા થાંભલે આવેલા ભીના શરીરે પર ચડી હંગામો મચાવ્યો હતો જોકે પીલે બ્રિજના રૂપા ૭૦ ફૂટ ઊંચાઈ પર ચડેલા આ યુવકને ઉતારવા માટે સ્થાનિક લોકોએ ખૂબ જ મથામણ કરી હતી.

આખરે આ ઘટનાની જાણ સુરત ફાયર વિભાગને અને સુરતની ડીંડોલી પોલીસને જાણ કરવામાં આવી ઘટનાની જાણ થતા ફાયર નો કાફલો તાત્કાલીક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને આ યુવકને નીચે ઉતારવા પ્રયાસો કર્યા હતા પણ તેમાં નિષ્ફળતા મળતા આખરે પોલીસ અને ફાયર વિભાગના જવાનો દ્વારા દોરડાની મદદથી પિલર પર જઈ પાંચ કલાકની જહેમત બાદ આ યુવકને મોડી રાત્રે ઉપરથી નીચે ઉતારવામાં આવ્યો હતો અને તેના વિરુદ્ધ ડીંડોલી પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી. જોકે આ યુવક તેના માટે બ્રિજના પિલર પર ચડી ગયો હતો અને હંગામો મચાવ્યો હતો તે મામલે હજુ કોઈ પણ જાણકારી મળી નથી પણ જે પ્રકારની ઘટના હતી તેને લઈને સમગ્ર વિસ્તાર સાથે ફાયર વિભાગના જવાનો અને પોલીસે પાંચ કલાક કરતાં વધુ મહેનત કરવી પડી હતી. જે રીતે આ યુવકે ટ્વિટર પર ચડી ગયા બાદ કર્યો તો તેને લઈને સમગ્ર વિસ્તારમાં મોડી રાત સુધી અફડાતફડીનો માહોલ સર્જાયો હતો જોકે પોલીસે યુવકની ધરપકડ કરી આ યુવક આ પ્રકારનું કૃત્ય શા માટે કર્યું તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે.

જોરાજીના મુવાડામાં સસ્તા અનાજના દુકાનદાર દ્વારા ઓછો જથ્થો અપાતો હોવાની ફરિયાદ

દુકાનદાર-નાયબ પુરવઠા મામલતદાર વચ્ચે મીલીભગતના ગંભીર આરોપ

તલોદ / હિંમતનગર તા.૨૫

તલોદ તાલુકાના જોરાજીનામુવાડામાં સસ્તા અનાજના દુકાનદાર દ્વારા ઓછો જથ્થો અપાતો હોવાની અનેક લાભાર્થીઓએ રજૂઆત પછી પણ સ્થાનિક વહીવટી તંત્ર કોઈ કાર્યવાહી કરતું નથી. દુકાનદાર અને નાયબ પુરવઠા મામલતદાર વચ્ચે મીલીભગતના ગંભીર આરોપ લાગ્યા છે છેવટે આ અંગે રાજ્ય સરકાર તેમજ પુરવઠા વિભાગને ગંભીર ફરિયાદ થયાનું જાણવા મળ્યું છે.

સરકાર ગરીબ પરિવારોને ગમે તેટલા લાભ આપે પરંતુ જ્યાં સુધી સીસ્ટમમાં વ્યાપેલો ભ્રષ્ટાચાર દૂર નહીં થાય ત્યાં સુધી તેનો કોઈ અર્થ નથી. કોરોનાના કારણે સસ્તા અનાજની દુકાનો મારફતે અનાજનો જથ્થો ગરીબ પરિવારોને આપવાની શરૂઆત થઈ ત્યારથી અનેક વિસ્તારોમાં કાર્ડધારકોને પરેશાનીના આરોપ લાગ્યા છે. પરંતુ કોરોનાના કપરા કાળમાં કામગીરી બજાવતા હોવાથી આવા આક્ષેપોનું કોઈ મહત્વ ન હતું અને હવે કોરોનાનું સંક્રમણ ઘટ્યું છે ત્યારે પણ કેટલાક સસ્તા અનાજના દુકાનદારોના કારણે બધા જ દુકાનદારો બદનામ થઈ રહ્યા છે. જોરાજીનામુવાડાની સસ્તા અનાજના દુકાનદાર દ્વારા અનાજનો ઓછો જથ્થો આપવામાં આવે છે તેવી ફરિયાદ જિલ્લા કક્ષાએ પહોંચી પરંતુ જિલ્લા પુરવઠા અધિકારીએ તપાસમાં ઢીલી નીતિ અખત્યાર કરી કે પછી અન્ય કોઈ કારણ હોય પરંતુ અસંતુષ્ટ થયેલા અરજદારે રાજ્ય સરકારના દ્વાર ખટખટાવ્યાનું જાણવા મળ્યું છે.

વડગામમાં શરાફી મંડળીમાં ઊચાપત મંત્રી-ચેરમેન વિરુદ્ધ ફરિયાદ દાખલ

વડગામ,તા.૨૫

બનાસકાંઠાના વડગામ તાલુકાની ધી સરસ્વતી શરાફી મંડળીમાં ઉચાપત કર્યાનું સામે આવ્યું છે. તત્કાલીન મંત્રી તેમજ ચેરમેને વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭ સુધીમાં રૂપિયા ૧ કરોડ ૬૭ લાખ ૩૬ હજાર ૩૨૬ની નાણાંકીય ઉચાપત કર્યાનું રીઓડિટમાં સામે આવ્યું છે.

તત્કાલીન મંત્રી રણજીતસિંહ દેવડા તેમજ ચેરમેન જવાનસિંહ વાઘેલા વિરુદ્ધ વડગામ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. જેને લઈ સહકારી રાજકારણમાં ખળભળાટ મચ્યો છે. બંનેએ ૭૨ સભાસદોની જાણ બહાર તેઓના નામે ધિરાણ ઉધાર્યું હતુ. ૧ કરોડ ૩૮ લાખ ૧૯ હજારનું કાયમી તેમજ રૂપિયા ૪ લાખ ૯૫ હજારનું હંગામી ધિરાણ ઉધાર્યુ હતુ. સાથો સાથ બાંધી મુદતના ૧૧ સભ્યોના નામે રૂપિયા ૧૧ લાખ ૧૨ હજાર ૩૨૬ની લોન ઉધારી હતી. અને બેરર ચેકથી નાણાં ઉપાડયા હતા. તો ૧૩ લાખની બોગસ બાંધી મુદતની રસીદો બનાવી ઉચાપત કરી હતી.

યુવકે ધમકી આપતા મહિલા ડોક્ટરનો આત્મહત્યાનો પ્રાયસ

અમદાવાદ શહેરના જમાલપુર વિસ્તારમાં દર્દીના પતિએ ધમકી આપતા મહિલા ડોક્ટરે ઊંઘની ગોળી ગળી લીધી હતી. પ્રાપ્ત માહિતી પ્રમાણે જમાલપુરમાં હોમિયોપેથીની પ્રેક્ટિસ કરતા ૪૨ વર્ષીય મહિલા ડોક્ટરને ત્યાં ઝઘડો કરવા આવેલા દર્દી અને તેમના પતિએ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપતા મહિલા તબીબે ઊંઘની ગોળીઓ ગળી લેતા તેમને સારવાર માટે હોસ્પિટલ એડમિટ કરવામાં આવ્યા છે.ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી પ્રમાણે જમાલપુરના ખુરશીદ ફ્લેટમાં પરિવાર સાથે રહેતા ૪૨ વર્ષીય શબાના આરિફભાઈ રોલવાનાલ તેમના વિસ્તારમાં દવાખાનું ધરાવી હોમિયોપેથી તબીબ તરીકે પ્રેક્ટિસ કરે છે. આ દરમિયાન ૧૬મી જૂનના રોજ પેટમાં દુઃખાવાની ફરિયાદ સાથે મુમતાઝબેન મહેબુબભાઈ મિર્જાજીવાળા આંવતા તેમને દવા આપી હતી. જો કે, બીજા દિવસે મહિલા દર્દી દવાખાને પરત આવ્યા હતા અને તેમને રિએક્શન આવ્યું હોવાથી ફરિયાદ કરતા ડો. શબાનાએ તેમને બીજી દવા આપી હતી.

રસીકરણને પ્રોત્સાહિત અને માનસિક આરોગ્યને સપોર્ટ કરવા માટે ટિંડર રજૂ કરે છે બે નવી પહેલ

ટિંડર, નવા લોકોને મળવા માટેની વિશ્વની સૌથી પ્રસિદ્ધ એપે ભારતના યુવાનોમાં રસીકરણને પ્રોત્સાહિત કરવા તથા માનસિક આરોગ્યને વેગ આપવા માટે બે નવી પહેલને રજૂ કરી છે. ટિંડરની વેક્સીન એડવોકસી પહેલે યુવા જેન ઝેડના સભ્યોને રસીકરણ માટે પ્રોત્સાહિત કરવા માટે છે, કેમકે હવે લોકડાઉનના નિયમો હળવા થયા છે અને ડેટિંગ કરતા લોકો તેમના મેચને હવે વ્યક્તિગત રીતે મળવા માટે ઉત્સાહિત છે. વધુમાં ટિંડરે એક મુક્ત માનસિક સ્વાસ્થ્ય રિસોર્સ ઓફર કરે છે, જેમાં વિઝિટહેલ્થની સાથે સંયોજનમાં દરેક સભ્યો માટે થેરપી સેશન્સ એક્સેસ કરશે. બંને પહેલે ગુજરાતના દરેક ટિંડર સભ્યો માટે એક્સેસિબલ છે.

"રોગચાળાએ આપણે દરેક બાબતને જોવાનો દ્રષ્ટિકોણ બદલી નાખ્યો છે. ત્યારે રસીકરણે ટિંડર પર પ્રસિદ્ધ ચર્ચાનો વિષય બની ગયો છે અને માર્ચ-૨૦૨૧થી ભારતમાં ૪૨ ગણાથી પણ વધુ સભ્યોના બાયોમાં 'રસી મૂકાયેલી' છે, એવું લખવામાં આવ્યું છે- જે રોગચાળાની શરૂઆતની તુલનામાં સર્વોચ્ચ પર પહોંચ્યું હતું.

૮૫ દેશોમાં

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કરવામાં આવેલી પ્રગતિને ડેલ્ટા વેરિઅન્ટ અધોગતિમાં ફેરવી નાખવાની તાકાત ધરાવે છે તે જોતા યુરોપ કોરોના મહામારીને મામલે વિકટ સ્થિતિમાં જ છે. જર્મનીમાં કોરોનાના નવા કેસોની સંખ્યામાં પંદર ટકા કેસો ડેલ્ટા વેરિઅન્ટના જણાયા છે.

યુએસમાં વોલ સ્ટ્રીટની સૌથી મોટી બેંક જેપી મોર્ગને તેના તમામ કર્મચારીઓને કોરોનાની રસી લેવાની સલાહ આપી છે. બેંક દ્વારા તેના કર્મચારીઓને આ મહિનાના અંત સુધીમાં એક ફોર્મમાં તેમણે કોરોનાની રસી લીધી છે કે કેમ તે દર્શાવવું પડશે.

ઈંગ્લેન્ડમાં ૧૨ સપ્તાહ કરતાં વધારે રહેતાં કોરોનાના લક્ષણોથી પરેશાન થતાં લોકોની સંખ્યા વીસ લાખ કરતાં વધારે હોવાનું સરકારી ડેટામાં જણાયું છે. લાંબા સમય સુધી રહેતા કોરોનાના લક્ષણોને લોંગ કોવિડ ગણવામાં આવે છે.

યુએસમાં સિયેટલના એક સંશોધકે જે ગુમ થયેલી મનાય છે તે કોરોના વાઈરસની ૧૩ જેનેટિક સિકવન્સ ગૂગલ ક્લાઉડમાંથી શોધી કાઢી હોવાનો દાવો કર્યો છે.

ચાર ગણો વધારે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ઓક્સિજનની જરુરિયાત હોવાનો દાવો કર્યો હતો. જે દિલ્હીની હકીકતમાં જરુરિયાત કરતા ચાર ગણો વધુ હતો.

સમિતિની આ રિપોર્ટ પછી એક તરફ જ્યાં રાજકીય વમળો ઉઠી રહ્યા છે તો બીજી તરફ લોકો ટ્વિટર પર કેજરીવાલ સરકારને સવાલો પૂછી રહ્યા છે. જેના કારણે દિલ્હી સરકાર અને કેજરીવાલ ટ્રેન્ડ થવાના શરૂ થાય છે. રેલવે પ્રધાન પિયુષ ગોયલે અમારા સહયોગી ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના આ અહેવાલને શેર કરીને લખ્યું છે કે આશા વ્યક્ત કરીએ છીએ કે સમગ્ર ભારતમાં ઓક્સિજનની સપ્લાયને બાધિત કરવાવાળાની જવાબદારી નક્કી કરવામાં આવશે. પેટ્રોલિયમ અને ઓક્સિજન સેફ્ટી

ઓર્ગેનાઈઝેશન (પીઈએસઓ)એ સુપ્રીમ કોર્ટ દ્વારા બનાવવામાં આવેલી તપાસ સમિતીને જણાવ્યું કે રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્હી (એનસીટીડી) પાસે તેની જરુરિયાત કરતા વધારે ઓક્સિજન હતો છતાં પણ તેણે અન્ય રાજ્યોના લિક્વિડ મેડિકલ ઓક્સિજન (એલએમઓ) ની સપ્લાયને અસર પહોંચાડી હતી. તેમણે કહ્યું કે જો દિલ્હીની માંગ સતત પૂરી કરવામાં આવતી રહી હોત તો રાષ્ટ્રીય સ્તેર ઓક્સિજન કટોકટી સર્જાત એટલું તો ચોક્કસ હતું.

મહત્વનું છેકે સુપ્રીમ કોર્ટના જસ્ટિસ ડી વાય ચંદ્રચુડની અધ્યક્ષતાવાળી બેન્ચે ઓક્સિજન કટોકટી બુમરાણ મચાવતી દિલ્હી સરકારને ૫ મેના રોજ સુનાવણી દરમિયાન આકરો ઠપકો આપ્યો હતો. ઉપરાંત તેમણે કેન્દ્ર સરકારને ૭૦૦ મેટ્રિક ટન ઓક્સિજન સપ્લાય કરવા આદેશ આપ્યો હતો. તે સમયે સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે ફોર્મ્યુલાના આધારે દિલ્હીને ૪૧૪ મેટ્રિક ટન ઓક્સિજનની જ જરૂર છે

૨૧ કેસ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કહેવામાં આવ્યું હતું કે, કોરોના સંક્રમણનું નવું સ્વરૂપ ડેલ્ટા પ્લસ કોવિડ-૧૯ની ત્રીજી લહેરનું કારણ બની શકે છે. મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે, કોવિડ-૧૯ ટાસ્ટ ફોર્સના મેમ્બર્સ તેમજ સ્વાસ્થ્ય વિભાગના સભ્યો આ બેઠકમાં હાજર હતા.

આ નવું સ્વરૂપ ભારતમાં સૌથી પહેલા આવેલા 'ડેલ્ટા' એટલે કે બી.૧.૬૧૭.૨ વેરિઅન્ટના મ્યૂટેશનથી બન્યું છે. ભારતમાં સંક્રમણની બીજી લહેર માટે ડેલ્ટા વેરિઅન્ટ જવાબદાર હતું.

આજીવન કેદ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

તેમને ડાબા હાથના ભાગે પણ ઈજાઓ થઇ હતી. ત્યારબાદ આરોપી બાજુના ધાબા પરથી કુદી નાસી ગયો હતો. જયારે હીનાનો ભાઈ શિવમ પણ બાજુના ધાબામાં લોહીયાળ હાલતમાં પડયો હતો. ગભરાયેલા ગાયત્રીબેને બુમાબુમ કરતા ઘટના સ્થળે લોકો ભેગા થઈ ગયા હતા. આ બનાવના અંતે ત્રણેય ભાઈ બહેનને એપોલો હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયા હતા જયારે સારવાર દરમિયાન હીનાબેનનુ મોત નિપજયુ હતુ. આરોપીએ જીવલેણ હુમલો કરી પહેરેલા કપડા પણ તેની બહેનના ઘરે જઈ સળગાવી દીધા હતા. આરોપી ગુજરનાર હીનાબેનને એકતરફી પ્રેમ કરતો હતો. હીનાબેને આરોપીના પ્રેમ પ્રસ્તાવ ઠુકરાવી દેતા આરોપીએ તેમના ઘરમાં પ્રવેશી જીવલેણ હુમલો કર્યો હતો. આ બનાવ સંદર્ભે આરોપી વિરુદ્ધ ચાંદખેડા પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાઈ હતી પોલીસ તપાસ દરમિયાન આરોપી ઝડપાયો હતો. આરોપીએ ઉપયોગમાં લીધેલુ હથિયાર પણ પોલીસે રેલવેના શૌચાલયમાંથી તપાસ અર્થે કબજે કર્યુ હતુ. આરોપીની આંગળીમાં પણ વાગેલાનુ નિશાન હતુ. જયારે ડાબા હાથના અંગુઠા પર દાંતના નિશાન જોવા મળ્યા હતા. મૃત્યુ પામનાર હીનાબેનના દાંતના આ નિશાન હોવાનુ પણ આરોપીએ જણાંવ્યુ હતુ. આ કેસ ગાંધીનગરની એડીશ્નલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી. જેમાં તેમણે કોર્ટ સમક્ષ દલીલમાં જણાંવ્યુ હતુ કે આરોપીએ એક યુવતિની હત્યા કરી છે. તેમજ અન્યને પણ ઈજા પહોંચાડી છે. જેથી તેને કાયદામાં દર્શાવેલી પુરેપુરી સજા થવી જોઈએ. સમાજમાં બનતા આવા બનાવો અટકે તે માટે દાખલો બેસે તેવી સજા થવી જોઈએ. જેના અંતે એડીશ્નલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ એસ એન સોલંકીએ આરોપીને હત્યાના કેસમાં આજીવન કેદની સજા તેમજ રૂ ૧૦ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે.